# બાયડ પંથક ચિકનગુનિયાના અજગરી ભરડામાં, ૩૦૦થી વધુ કેસ

## બાયડના સોસાયટી વિસ્તારમાં ૧૫ કેસથી ફફડાટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

બાયડ પંથક વાયરલ બીમારી પછી ચિકનગુનિયાના અજગરી ભરડામાં સપડાયો છે. ૩૦૦ થી વધુ શંકાસ્પદ કેસ ના પગલે ગામેગામ પ્રજામાં દહેશત વધી રહી છે. બાયડના બસ સ્ટેશન તથા જુના બસ સ્ટેશન વિસ્તારની સોસાયટીમાં ચિકનગુનિયાના શંકાસ્પદ ૧૫ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે.

જિલ્લામાં આરોગ્ય વિષયક કામગીરી સતત કથળી રહી છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ચેમ્બરમાંથી બહાર નીકળતા નથી અને જિલ્લાના ૬ તાલુકામાં એક પછી એક અવનવી બીમારીનો ભરડો પ્રજાને સાણસામાં લઈ રહ્યો છે. જિલ્લામાં કોરોના વેક્સિનેશનની કામગીરી નબળી પડી છે. માત્ર કાગળ ઉપર બીજા ડોઝ આપ્યાની ફરીયાદો મોડાસા, વડાગામ સહિતના વિસ્તારોમાંથી બહાર આવી રહી છે. સતત રોગચાળો વકરતાં અરવલ્લી જિલ્લો ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ રોગગ્રસ્ત જિલ્લા તરીકે પંકાય તેવી દહેશત ઉભી થઈ છે. જ્યારે બાયડ પંથકમાં ડેન્ગ્યુ, ટાઈફોઈડ, વાયરલ બીમારીએ દિવાળી પછી માથું ઉંચકતા લગ્નના અવસરમાં અનેક લોકો બીમાર હોવા છતાં હાજરી આપી રહ્યા છે. મચ્છરજન્ય રોગચાળાએ પ્રજાને આર્થિક રીતે પાયમાલ કરવાની સાથે હવે શરીરના સાંધામાં અસહ્ય પીડા આપતા ચિકનગુનિયાના રોગચાળાએ દેખા દેતાં બાયડ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં તબીબો પણ વકરતાં રોગચાળાથી ચિંતિત જણાઈ રહ્યા છે.

બાયડમાં જે રીતે ચિકનગુનિયાના રોગચાળાએ માથું ઉંચકી સોસાયટી વિસ્તારોને સકંજામાં લેવાની શરૂઆત કરી છે તે જોતાં આવનારા દિવસોમાં ચિકનગુનિયાનો રોગચાળો અન્ય રહીશો અને સોસાયટીઓને સકંજામાં લે તેવી પૂરેપૂરી દહેશત ઉભી થઈ છે. આરોગ્ય વિભાગ દ્વારા સંભવિત ચિકનગુનિયાના રોગચાળાને ઉગતો ડામવા માટે ગામે ગામ નિઃશુલ્ક સારવારના કેમ્પ શરૂ નહિ કરે તો સ્થિતિ વધુ વકરે તેવી પૂરેપુરી દહેશત સેવાય છે.

# જિલ્લામાં શિયાળામાં કમોસમી માવઠું અને મિશ્ર વાતાવરણથી રવી વાવેતર કરનાર ખેડૂતો ચિંતામાં

### ઠંડીની જમાવટ ન થતાં વાવેતરને અસર થવાની દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શિયાળાના વિધિવત આરંભ પછી ઠંડીની જમાવટ થઈ અને ત્યારબાદ કમોસમી માવઠું વરસતાં મિશ્ર ઋતુનો માહોલ ઉભો થતાં રવી વાવેતર કરનારા ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. જિલ્લામાં રવી વાવેતર માટે અનુકુળ ઠંડીની હાજરી ન વર્તાતાં વાવેતરને અસર થવાની દહેશત છે. જિલ્લામાં નવેમ્બર માસમાં સામાન્ય રીતે ઠંડીનો ચમકારો શરૂ થતો હોય છે પરંતુ આ વખતે હવામાનમાં વિષમ પરિસ્થિતિ પેદા થતાં વાવેતરને અસર થવાની સંભાવના છે.

જિલ્લામાં ખેતીની દરેક સીઝનમાં ખેડૂતોને પાછલા કેટલાક વર્ષોથી વિષમ હવામાનનો સામાનો કરવો પડતો હોય છે. અનુકુળ હવામાનની સ્થિતિ હોય ત્યારે ખેડૂતો મોંઘુદાટ બિયારણ તેમજ રાસાયણિક ખાતર પાછળ ખર્ચો કરી વાવણી કરતા હોય છે પરંતુ ત્યાર પછી વિષમ હવામાનની સ્થિતિ ઉભી થતાં પાક ઉપજમાં ફટકો સહન કરવો પડતો હોય છે. રવી સીઝનના આરંભે જિલ્લામાં રવી પાક માટે અનુકુળ હવામાનના કારણે ખેડૂતોએ વિવિધ ધાન્ય પાકોનું ખેતરોમાં વાવેતર કર્યું પરંતુ હજુ સુધી ઠંડીની જમાવટ થઈ નથી જેના કારણે શિયાળાના કારણે પાકનું વાવેતર કરનારા ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. રવી સીઝનની ખેતીમાં ઠંડી પાક માટે અનુકુળ રહે તો પાક ઉપજમાં તેનો મહત્તમ ફાયદો થતો હોય છે. ખેડૂતોએ પણ નવેમ્બર માસમાં ઠંડીની જમાવટ થઈ જશે તેમ માની વાવેતર તો કરી દીધું પરંતુ ઠંડીનો ચમકારો હજુ અનુભવાતો ન હોવાથી વાવેતરને અસર થવાની સંભાવના ખેડૂતોએ વ્યક્ત કરી છે. જિલ્લામાં શિયાળાના આરંભે બટાકા મકાઈ સહિતના પાકોનું ખેતરોમાં વાવેતર થયું છે અને ખેડૂતો માટે સરકારે મહત્વનો નિર્ણય લઈ જળાશયોમાંથી પાણી છોડતાં સિંચાઈનો લાભ લઈ રહ્યા છે પરંતુ ઠંડીની ગેરહાજરી વર્તાતાં ઉત્પાદન અંગે આશંકા ઉભી થઈ છે. છેલ્લા કેટલાય સમયથી મિશ્ર ઋતુનો માહોલ જોવા મળી રહ્યો છે અને પરોઢે સામાન્ય ઠંડી અનુભવાયા પછી બપોરે તો ભરશિયાળે ઉનાળા જેવો માહોલ જોવા મળી રહ્યો છે. જેથી ખેતી ક્ષેત્રે વિષમ હવામાન નુકસાન રૂપ સાબિત થવાની દહેશત ધરતી પુત્રો વ્યક્ત કરી રહ્યા છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં માવઠા પછી બાગાયતી પાકમાં રોગચાળો ડોકાયો

### દાડમ, જામફળ, બટાટા, શાકભાજીની ખેતીને માઠી અસર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રવિ ખેતીના આરંભ સાથે જ વિષમ હવામાનથી ખેતી ઉપર સંકટ ઉભું થયું છે. કમોસમી માવઠું વરસ્યા પછી ખાસ કરીને બાગાયતી પાકમાં રોગચાળો દેખાવાની શરૂઆત થઈ છે. જિલ્લામાં દાડમ, જામફળ, વહેલા વાવેતર થયેલા બટાટામાં રોગચાળો વકરે તેવી આશંકા હતી અને ક્યાંક તે જોવા મળી રહી છે.



જિલ્લામાં શિયાળાના આરંભે રવિ ખેતી માટે અનુકુળ વાતાવરણ ઉભું થતાં ખેડૂતોએ વાવેતરનો ધમધમાટ શરૂ કર્યો હતો. ઘઉં, રાયડા અને બટાકાના વાવેતરની સાથે ખેડૂતો હવે મોટા પ્રમાણમાં શાકભાજીનું વાવેતર કરતા થયા છે. પરંતુ તાજેતરમાં વરસેલા કમોસમી માવઠાથી શાકભાજીની ખેતી કરનારા ખેડૂતોને અન્ય પાકની દ્રષ્ટીએ વધુ ફટકો પડ્યો છે. કમોસમી માવઠા પછી વિષમ હવામાનની પરિસ્થિતિમાં કોબિઝ, ફુલાવરમાં રોગચાળો વકરે તેની સંભાવના વધી છે. જિલ્લામાં શાકભાજી ઉપરાંત અન્ય ફળાઉ ખેતી તરફ વળ્યા છે પરંતુ કેટલાક સમયથી વિષમ હવામાનના કારણે બાગાયતી પાકમાં ફાયદા કરતાં ખેડૂતોને નુકસાન વધુ સહન કરવું પડે છે. બંન્ને જિલ્લામાં ભરશિયાળે અષાઢી માહોલ ઉભો થયો હોય તેમ કમોસમી માવઠું વરસ્યા પછી બાગાયતી ખેતીમાં રોગનું સંક્રમણ વધી ગયું છે. બંન્ને જિલ્લામાં ખેડૂતોએ નસીબના જોરે સીઝનના આરંભમાં ઉચ્ચ ગુણવત્તાનું બિયારણ લાવી વિવિધ શાકભાજીનું વાવેતર કર્યું હતું પરંતુ વાતાવરણ બદલાયા બાદ માવઠું અને ત્યાર પછી વાદળછાયા વાતાવરણને કારણે શાકભાજીની ખેતીને માઠી અસર થઈ છે.

# ધનસુરામાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલનું સ્વાગત કરાયું

### સિનિયર કાર્યકર અતુલભાઈ બ્રહ્મભટ્ટ સાથે શુભેચ્છા મુલાકાત

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ શુક્રવારે અરવલ્લીની મુલાકાતે હતા ત્યારે ધનસુરામાં પ્રદેશ પ્રમુખનું સ્વાગત કરવાની સાથે ભાજપના પાયાના સિનિયર કાર્યકર અતુલભાઈ એમ. બ્રહ્મભટ્ટ(પત્રકાર) સાથે તેઓએ શુભેચ્છા મુલાકાત કરી હતી તેમજ પરીવારના ખબરઅંતર પૂછયા હતા.



અરવલ્લી જિલ્લાના ભાજપમાં છેલ્લા કેટલાંય સમયથી યાદવાસ્થળી ચાલી રહી છે. પ્રદેશ કક્ષાએ પણ કોણ કોને અન્યાય કરી રહ્યું છે? કયા કાર્યકર્તાઓની ઉપેક્ષા થઈ રહી છે? તેની વિગતો એકત્રિત થઈ રહી છે. આવતા વર્ષે વિધાનસભાની સામાન્ય ચુંટણી યોજાવાની છે ત્યારે શ્રીકમલમ્-અરવલ્લીના લોકાર્પણ પ્રસંગે મોડાસા આવેલા પ્રદેશ પ્રમુખે પોતાના વકતવ્યમાં અસંતુષ્ટો અને પક્ષમાં રહીને ઘોર ખોંદનારાઓને આડેહાથ લીધા હતા અને કોઈપણ પ્રકારની નારાજગી નહિ ચલાવી લેવાય તેવો સીધો સંદેશો જાહેર મંચ ઉપરથી આપી દેતાં ધારાસભ્યના સ્વપ્ન જોનારાં અનેકનાં મોંઢા જોવા જેવા થયા હતા. પ્રદેશ પ્રમુખ તરીકે પાટીલએ ચાર્જ સંભાળ્યા પછી નાના કાર્યકરોની વાતો ગંભીરતાથી સંભળાય છે અને નિષ્ઠાવાન કાર્યકર્તાઓની શુભેચ્છા મુલાકાત લેતા હોય છે ગત રોજ પ્રદેશ પ્રમુખ મોટર માર્ગે અમદાવાદથી મોડાસા આવ્યા ત્યારે ધનસુરામાં કાર્યકરો દ્વારા તેમનું સન્માન કરવાની સાથે તેઓએ ભાજપના સિનિયર કાર્યકર અતુલભાઈ બ્રહ્મભટ્ટ સાથે તેમની ઓફિસમાં શુભેચ્છા મુલાકાત લીધી ત્યારે સ્થાનિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગર શ્રી ખડાયતા સમાજ દ્વારા શ્રી કોટીયર્ક પ્રભુ ઉત્સવ ઉજવણી કરાઈ

બાયડ તા.૨૦

ખડાયતા સમાજ-હિંમતનગર દ્વારા હિંમતનગર શહેરના ઉત્સવ પાર્ટી પ્લોટમાં શ્રી ઈષ્ટદેવ કોટીયર્ક પ્રભુના ઉત્સવની ઉજવણી તેમજ નૂતન વર્ષ સ્નેહમિલન નો કાર્યક્રમ યોજાયો જેમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે શ્રી કોટયર્ક પ્રભુની આરતી-પ્રસાદ પણ રાખવામાં આવેલ. સમાજના પ્રમુખ કિરીટભાઈ શાહ, ઉપપ્રમુખ ડૉ.સમીર શાહ, ધવલ શાહ, ટ્રસ્ટી રાકેશભાઈ શાહ, જયેશભાઈ શાહ, મંત્રી મુકેશભાઈ શાહ, બ્રીજેશભાઈ શાહ, પ્રશાંત શાહ વગેરે ઉપસ્થિત રહી સમાજના તમામ ભાઈ-બહેનોને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે હેમંત ધુવાડ સહિત કારોબારી સભ્યો સહિત સમાજના ભાઈ-બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# મોડાસા ક્ષેત્રમાં જન જનમાં માનવતાની જ્યોતિ જગાવી રહેલ ગાયત્રી ચેતના કેન્દ્રનો તૃતીય વાર્ષિકોત્સવ ઉજવાયો

બાયડ તા.૨૦

મોડાસામાં ત્રણ વર્ષ અગાઉ દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય, હરિદ્વારના પ્રતિકુલપતિ આદરણીય ડૉ. ચિન્મય



પંડ્યાજીના સ્વહસ્તે ગાયત્રી ચેતના કેન્દ્રની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી. ત્યારબાદ આ જન જાગૃતિ કેન્દ્ર આધ્યાત્મિકતા તેમજ વૈજ્ઞાનિક પ્રતિપાદન સાથે સક્રિય કાર્યરત રહ્યું છે. જન માનસમાં માનવ સેવાની ભાવના જાગૃત થાય તે માટે અનેક પ્રકારના આંદોલન સમગ્ર મોડાસા તેમજ આસપાસના ગામોમાં ચલાવી રહ્યું છે. આઓ ઘડીએ સંસ્કારવાન પેઢી-ગર્ભ સંસ્કાર , પર્યાવરણ બચાવ, વૃક્ષ ગંગા અભિયાન, યુવા જાગૃતિ, નારી જાગરણ, બાળ સંસ્કાર કેન્દ્રો, નશા મુક્તિ, ભારતીય સંસ્કૃતિ જ્ઞાન વિસ્તાર , બાળકોમાં કૌશલ્ય વિકાસ, વિદ્યાર્થીઓને નિઃ શુલ્ક પૂરક શિક્ષણ તેમજ કોરોનાની મહામારી સામે વાયુ પ્રદૂષણ મુક્ત હેતું ઔષધીય જડીબુટ્ટીઓ યુક્ત હવન સામગ્રી દ્વારા વાતાવરણને સેનેટાઈઝ હેતું ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ આંદોલન ચલાવવામાં આવ્યું. આ ઉપરાંત યુવાઓ ( જી.પી.વાય.જી.) દ્વારા છેલ્લા ઓગણીસ રવિવારથી સતત વૃક્ષોના જતન માટે પ્રાણવાન સન્ડે ના અભિયાન અંતર્ગત આમ જનતામાં જાગૃતિ ઝુંબેશ ચલાવી રહ્યા છે.

આ ગાયત્રી ચેતના કેન્દ્રની પ્રાણ પ્રતિષ્ઠાને આ દેવ દિવાળી પર ત્રણ વર્ષ થતા હોઈ વાર્ષિકોત્સવ ઉજવણીનો કાર્યક્રમ ખૂબ જ ભાવનાત્મક રીતે ઉજવણી થઈ. જેમાં દિવાળીથી દેવદિવાળીના પંદર દિવસ દરમિયાન સૌએ આ વિશેષ ઉદ્દેશને લઈ ગાયત્રી મંત્ર લેખન અભિયાન ચલાવ્યું. વાર્ષિકોત્સવ-દેવદિવાળીના દિવસે ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે આયોજીત પંચકુંડી ગાયત્રી યજ્ઞમાં સૌએ ઔષધીય જડીબુટ્ટીઓ યુક્ત હવન સામગ્રીની આહુતિ અર્પણ કરી આ મંત્ર લેખન સાધનાનું સમાપન કરવામાં આવ્યું હતું.

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની જન્મ જયંતિ તથા ગુરુનાનક દેવની જન્મ જયંતિ તેમજ ગાયત્રી ચેતના કેન્દ્રની પ્રાણ પ્રતિષ્ઠાના તૃતીય વાર્ષિકોત્સવ આ ત્રિવેણી ઉત્સવ અંતર્ગત ગાયત્રી ચેતના કેન્દ્ર પર સાંજે દિપમાલા તેમજ સામુહિક આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જી.પી.વાય.જી. ના યુવાનો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત સૌએ આરતી ઉતારવાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ગાયત્રી ચેતના કેન્દ્રની ચતુર્થ વર્ષમાં શુભારંભ પર ઉપસ્થિત સૌએ આ દિવ્ય પવિત્ર સ્થાનના માર્ગદર્શન મુજબ જનહિતની પ્રવૃતિઓ ચલાવવામાં તન,મન,ધનથી સક્રિય કાર્યરત રહેવાના સંકલ્પ લઈ આ વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

# લોકસંપર્ક કાર્યક્રમને મળ્યો ભવ્ય પ્રતિસાદ, છેવાડાના માનવી સુધી પહોંચી યોજનાકીય જાણકારી

બાયડ તા.૨૦

રાજયના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારમાં વસતા જનજન સુધી યોજનાકીય માહિતી મળે અને દેશના અભિયાનો અંગે



જાગરૂતતા ફેલાય તેવા આશય સાથે શામળાજીના મેળામાં યોજાયેલ લોકસંપર્ક કાર્યક્રમનું આયોજન ખૂબ પ્રશંશનીય રહ્યું છે. સાચી અને સચોટ જાણકારી હશે તો જ ગ્રામીણ લોકો પણ સરકારની યોજનાનો લાભ મેળવી શકશે. ત્યારે માહિતી અને પ્રસારણ મંત્રાલયના ફિલ્ડ આઉટરીચ બ્યુરો,પાલનપુરેકરેલી કામગીરી ખરેખર સરાહનીય રહી છે.

કેન્દ્ર સરકારના માહિતિ અને પ્રસારણ મંત્રાલયના ક્ષેત્રિય લોકસંપર્ક કાર્યાલય દ્વારા શામળાજીના મેળામાં તારીખ ૧૫ નવેમ્બરથી શરુ થયેલ પાંચ દિવસીય લોકસંપર્ક કાર્યક્રમના પ્રત્યેક દિને વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકારની યોજનાઓ અંગે જાણકારી આપતા વક્તવ્ય તેમજ વિભિન્ન સ્પર્ધાઓની સાથે સ્વચ્છ ભારત અભિયાન, બેટી બચાવો બેટી પઢાઓ અભિયાન, પોષણ અભિયાન,જલશક્તિ અભિયાન, ફિટ ઈન્ડિયા કેમ્પેઈન, રસીકરણ અભિયાનઅંગે લોકજાગરૂતતા ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સ્વચ્છ ભારત અભિયાનના સંદેશને ઘર ઘર સુધી પહોંચાડવા તેમજ અભિયાનમાં લોક ભાગીદારી વધારવા મંચ પરથી સ્વચ્છતાના શપથની સાથે પ્લાસ્ટીક બેગના ઉપયોગને બંધ કરવાની અપીલ સાથે કાપડની થેલીનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમના ભાગરૂપેભિલોડા તાલુકા આરોગ્ય કચેરી દ્વારા રાજગેલ કોવિડ રસીકરણ કેમ્પને પણ સારો પ્રતિસાદ મળ્યો હતો. મોટી સંખ્યામાં લોકોએ વેક્સીન લઈ કોવિડ સામે સુરક્ષા મેળવી હતી. ફિલ્ડ આઉટરીચ બ્યુરો પાલનપુરના અધિકારી જે.ડી. ચૌધરીએ બહોળી સંખ્યામાં ગ્રામીણ લોકોએ લીધેલી પ્રદર્શનની મુલાકાત અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બાયડમાં કેમીકલ લઈને પસાર થતા વાહનોથી પ્રસરતી તિવ્ર દુર્ગંધ

### પોલ્યુશન બોર્ડ અને તંત્રના ભ્રષ્ટ્રાચારથી હાઈવે ઉપરના ગામોની પ્રજાના આરોગ્ય ઉપર ખતરો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

બાયડના મુખ્ય બજારમાં દર બે દિવસે વાહનોની અવર જવર વચ્ચે કેમીકલ લઈને પસાર થતા વાહનોના વાતાવરણમાં તિવ્ર દુર્ગંધ ફેલાવતાં માથું ફાટી જાય તેવી દુર્ગંધના કારણે વાહન ચાલકો અને દુકાનદારો અકળાઈ ઉઠે છે. પોલ્યુશન બોર્ડ અને તંત્રના ભ્રષ્ટ્રાચારના કારણે હાઈવે ઉપરના ગામોની પ્રજાના આરોગ્ય ઉપર ખતરો મંડરાયો છે. હાઈવે માર્ગ ઉપર પસાર થતા વાહનમાં જલદ કેમીકલ કે પછી કોઈ દુર્ગંધયુક્ત પદાર્થ લઈ જવાતો હોવાથી જેવું વાહન મુખ્ય બજારમાંથી પસાર થયું તેની ગણતરીની મીનીટોમાં વાતાવરણમાં શ્વાસ લેવો પણ મુશ્કેલ બની ગયો હતો.

જિલ્લાના હાઈવે માર્ગો ઉપર દોડતાં વાહનોમાં ક્યારેક કેમીકલ લીકેઝ થાય ત્યારે અફડા તફડી મચી જતી હોય છે પરંતુ વાહનમાંથી તિવ્ર દુર્ગંધ વછૂટે ત્યારે..?? છેલ્લા ૫ મહિનાથી દર બે-ત્રણ દિવસે બાયડના મુખ્ય બજારમાંથી કેમીકલ ભરીને વાહન પસાર થાય એટલે અસહ્ય દુર્ગંધ હવામાં ભળી જતાં વાહન ચાલકો, રાહદારીઓ તેમજ દુકાનદારોએ ૧૫ થી ૨૦ મીનીટ સુધી તિવ્ર દુર્ગંધનો સામનો કરવાની નોબત આવતાં સૌ કોઈ ઉકળી ઉઠે છે. કેમીકલ ભરીને જતું વાહન તો ગણતરીની મીનીટમાં બાયડમાંથી પસાર થઈ ગયું પરંતુ ટૂંક સમયમાં જ વાતાવરણમાં માથું ફાટી જાય એટલી હદે દુર્ગંધ પ્રસરી જતાં એક તબક્કે શ્વાસ લેવામાં પણ મુશ્કેલી ઉભી થતી હોય છે. હાઈવે માર્ગની બંન્ને સાઈડની દુકાનોમાં તિવ્ર દુર્ગંધ ભળતાંની સાથે જ સૌ કોઈ એકબીજાને શેની ગંધ આવે છે..?? ના સવાલ પૂછાતા હતા. તિવ્ર દુર્ગંધના કારણે હોસ્પિટલોમાં સારવાર હેઠળ રહેલા દર્દીઓ અને તેમના સગાઓ પણ દુર્ગંધથી પરેશાનીમાં મૂકાયા હતા.



આકુંદ તા.૨૦ ધનસુરા તાલુકા વિકાસ અધિકારી શ્રી પ્રતિકભાઈ પટેલ ની ગાંધીનગર ખાતે બદલી થતાં વિણાબેન વિનોદભાઈ પટેલ દંડક ધનસુરા તાલુકા પંચાયત તથા વિનોદભાઈ પટેલ પૂ.મહામંત્રી ધનસુરા તાલુકા ભાજપ દ્વારા આકરુંદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે શાલ ઓઢાડી સન્માન કર્યું જે મા જીલ્લા શિક્ષણ અધિકારી, નાયબ શિક્ષણ અધિકારી શ્રી તથા ધનસુરા તાલુકા પંચાયત ઉપપ્રમુખ શ્રી અમૃતલાલ પટેલ , જીલ્લા પંચાયત સદસ્ય કાળીબેન દેસાઈ , આકરુંદ સરપંચ લલિતા બહેન પટેલ તેમજ આકરુદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના તબીબ ડો.યાજ્ઞિકભાઈ તેમજ આકરુદ ઉપસરપંચ શ્રી હાજર રહ્યા હતા